પીર સદરદીન (રહ.)

રચિત

# બાવન બોધ

અને

# સો કિરિયા

## પીર સદરદીન (રહ.)

રચિત

# બાવન બોધ

અને

# સો કિરિયા

પ્રકાશક:

હિઝ હાઇનેસ પ્રિન્સ આગાખાન
શીઆ ઇમામી ઇસ્માઇલીઆ એસોસીએશન
ફોર પાકિસ્તાન
કરાચી.

સર્વ હક સ્વાધીન

★

આવૃતિ પહેલી પ્રત ૩૦૦૦ ઇ. સ. ૧૯૮૨
હિજરી ૧૪૦૩

★

મુદ્રક :
શાહીન પેકેજીસ
કેમ્બલ રોડ, આરામ બાગ
કરાચી.

# બાવન બોધ

અને

# સો કિરિયા

## રચનાર : પીર સદરદીન (રહે.)

સતગુર તણી શિખામણ સાચી, ૧
સાંભળો રિખીસરો મૂળી મન રાચી. ૨

દિન ઊગે કરો ધરમશું ધંધા, ૩
સાંજ પડે થઇ રહો સાહેબજીના બંદા. ૪

કોએ કેની મ કરશો નિંદા, ૫
ગતમાંહે આવીને કરો હુયજીંદા. ૬

સતગુર વચને ચિત રાખો ચંદા, ૭
રિખીસર કેરી વીરા એ છે સંજા. ૮

સંજા બાંધો મુનિવર ભાઇ, ૯
મિલી કરો ગતમાંહે ધરમ ઉપાઇ. ૧૦

મન મારો તો મમતા મૂઇ, ૧૧
ધરમસરાએ આવી ન રહીએ સુઇ. ૧૨

ધરમસરાએ આવી કેની વાત ન કરીએ, ૧૩
આહાર ઘણેરો કરી પેટ ન ભરીએ. ૧૪

જો પેટ ભરશો તો ભારે થાશો, ૧૫
આવશે નિદ્રા ને બહુ પસ્તાશો. ૧૬

હળવે પેટે વીરા હોંશ જ થાશે, ૧૭
જાગતા જપીએ તો સતગુર પાસે. ૧૮

વડા નાનાની અદબે રહીએ, ૧૯
વડા તણાં બે અવગુણ સહીએ. ૨૦

દાડો વડો તેને વરસ વડો કરી જાણો, ૨૧
બોલાવો ભારે મોઢે પરમાણો. ૨૨

આપણ થકી જે નાનેરો ભાઇ, ૨૩
તેને કહી બોલાવો મોટેરો રાઇ. ૨૪

મીઠે વચને બોલાવો વીરા, ૨૫
તો તમારા મુખ માંહે ઝળકે હીરા. ૨૬

સતગુર મળયાનાં એ છે ભેદ, ૨૭
રિખીસર કેનો મ કરશો ખેદ. ૨૮

આળસ નિદ્રા ન કરીએ જાણી, ૨૯
જૂઠ તજો વેદ વચન પરમાણી. ૩૦

સાંભળો રૂડો ને ઓચરે ભૂંડો, ૩૧
તે તમે જાણો નિશ્ચે થાએશે ભૂંડો. ૩૨

કામ ક્રોધ વીરા નાખો કાઢી, ૩૩
અમીરસ પીવો નિશાની લાવો દાઢી. ૩૪

ઘેર થકી ધરમ દ્વારે આવો, ૩૫
ઊપજે લાભ નિશાની લાવો. ૩૬

સંપત હોય તેવું લાવો, ૩૭
મુખી સાથે ન કરીએ દાવો. ૩૮

દાવો કરે તેને દુનિયા શું આવે, ૩૯
આવશે દારિદ્ર ને દીન ન પાવે. ૪૦

અધરમી તે જે ઊણીઆચારી, ૪૧
જાણ અજાણ ને દેખ પિછાણી. ૪૨

સૂતક ભરિયા જે નર રહેશે, ૪૩
ઊપજે હાણ ને બહુ દુખ સહેશે. ૪૪

ધરમી ધિંગાણાની વાત ન જાણે, ૪૫
અધરમી મન માંહે ઓછું આણે. ૪૬

ધિયાન ધરી હાથે લિયો સમરણી, ૪૭
છાની છપની કરો ઉતમ કરણી. ૪૮

ગિનાન ધિયાન માંહે જુઓ વિમાસી, ૪૯
હાણ વૃદ્ધિ શોધો તપાસી. ૫૦

જે મોમન અમીરસ પીવે નિશાની લાવે દાઢી, ૫૧
તેને સતગુર મેલે સરવ કષ્ટથી ટાલી. ૫૨

એણે ગુણે મુનિવર ભરિયા,
રિખીસર સાંભળો તમે સોએ કિરિયા.

## સો કિરિયા

પરથમ રદેહ ધોઇને નિરમલ કરીએ, ૧
બીજી કિરિયા નાઇને જમીએ. ૨

સતે ચાલો તમે દિવસ ને રાત, ૩
કૂડ કપટની મેલો ઘાત. ૪

દયા પાળો તમે દિલશું જાણી, ૫
સુપાત્રે દાન દીજે પરમાણી. ૬

પરતક જાણીને પાસે રહીએ, ૭
સતગુર વચન રદામાંહે ગ્રહીએ. ૮

વડાઇપણાનો ગરવ ન કરીએ, ૯
દશમી ક્રિરિયા કાંઇ કરોધ ન કરીએ. ૧૦

સુરજેઆ હોય તો સતગુરને મળીએ, ૧૧
ધરમ તણું આળસ ન કરીએ. ૧૨

નિત નિત ગતમાંહે મળીએ જાઇ, ૧૩
ગુર મુખ ગતમાંહે નમો ધિયાઇ. ૧૪

નિત નિત અમી પીએ તે નર ધરમી, ૧૫
અહુંકાર મૂકે તે સદા સુકરમી. ૧૬

લોભ ન કરવો એક લગાર, ૧૭
પાક દાનતે રહેવું નિરધાર. ૧૮

જૂઠું રિખીસરે બોલવું નહીં, ૧૯
સેવા અભિયાગતની કરવી સહી. ૨૦

ભૂખ્યાને ભોજન આપવું જાણી, ૨૧
તરસ્યાને પણ પાવું પાણી. ૨૨

નાગાને વસ્ત્ર આપીને અરથ જ લેવું, ૨૩
સગા સાગવાની ગાસ જ સેહવું. ૨૪

સો ગાળ સાંખીને ક્રોધ ન કરવો, ૨૫
અવગુણ કરે તાસુ ગુણ જ કરવો. ૨૬

ઓછું કેને વીરા આલવુ નહિ, ૨૭
અદકું કેનું વીરા લેવું નહિ. ૨૮

કૂડી નજર કોઇ પર ન ધરીએ, ૨૯
પર સ્ત્રી સાથે ગવન ન કરીએ. ૩૦

જૂઠી અજાણી ન દીજે ગવાઇ, ૩૧
કૂડ કપટ ન રચીએ ભાઇ. ૩૨

મુખ થકી માર ન કહીએ લગાર, ૩૩
ધન વિયાજનો ન કરીએ આહાર. ૩૪

હાડ વકરો કરવો નાંહી, ૩૫
પશુ પાળી ન વેચવું ભાઇ. ૩૬

ધરતી તણું મૂલ ન કરીએ એ છે માતા, ૩૭
કન્યા તણું રખે દ્રવ્ય જ ખાતા. ૩૮

દયા આણીને કીજે ઉપકાર, ૩૯
ચાલીશમી કિરિયા પાળવી નિરધાર. ૪૦

લાંચ ન લઇએ વીરા એક જ રતી, ૪૧
જૂઠો ખત ન રાખીએ સતી. ૪૨

મેદાને જાઇ પાંચ આચમન કરીએ, ૪૩
પાણી લઇને લઘ્વીતજ કરીએ. ૪૪

આચમન ત્રણ કરવા સાહી, ૪૫
અશુધ દેહ રાખવી નહીં. ૪૬

માટી લઇને ધોવા હાથ, ૪૭
નહીં કરે તો નહીં થાએ પાક. ૪૮

વણ ગાળ્યું ન પીવું પાણી, ૪૯
જીવ જંત ન મારીએ જાણી. ૫૦

હિંગ તમાકુ ન ખાઇએ પ્રાણી, ૫૧
પરમ ઉપવાસી રહીએ જાણી. ૫૨

બોટયું ચાટયું કેનું ખાવું નહીં, ૫૩
ગળીઅલ વસ્ત્ર ન પેરવુ ભાઇ. ૫૪

અપવાસ વૃતનું આળસ ન કરીએ, ૫૫
પાણી પાખાણની પૂજા ન આચરીએ. ૫૬

એલી થાપણ ન રાખવી જાણી, ૫૭
વખત વેળા ન ચૂકીએ પ્રાણી. ૫૮

અમલ થઇને જપીએ જાપ, ૫૯
આણ પરહું ખાધે માહા છે પાપ. ૬૦

લાલચ પિયારી ન કરીએ ભાઇ, ૬૧
માતા જાણો તમે વડેરી ભોજાઇ. ૬૨

નીચી સંગતે વીરા ચાલવું નાંહી, ૬૩
પાઘડી વાંકી ન બાંધીએ ભાઇ. ૬૪

અરી પરી કેની ન કરવી રૂખી, ૬૫
પાડોશીને રખે તમે કરતા દુખી. ૬૬

વિસવાસઘાત કેનો કરવો નાંહી, ૬૭
પડી જડી વસ્ત કેની લેવી નાંહી. ૬૮

કેને જાલ ન પાડીએ જાણી, ૬૯
ઉધારો ઉછીનું ન રાખીએ પ્રાણી. ૭૦

પારકું ધન લઇ ભાગવું નાંહી, ૭૧
પુતર થઇને દેવું સાહી. ૭૨

કેને ગાળ ન દીજે જાણી, ૭૩
મૂરખાઇપણું ન રાખીએ પ્રાણી. ૭૪

ગુરનર દરશાન સહુને સરખું, ૭૫
સતગુરૂ કહે તે નર નરખું. ૭૬

સાચો જૂઠો ન કરીએ વાદ, ૭૭
જુવા જુગટો ન રમીએ સાધ. ૭૮

નાદ છંદ ન જોઇએ ભવાઇ, ૭૯
છળ છળવાથી સત ખોઇએ ભાઇ. ૮૦

ખારૂં મોરૂં અન કેવું નાંહી, ૮૧
વખાણવું પણ કુવખાણવું નાંહી. ૮૨

પરભાતે નાહીને બહાર નીસરીએ, ૮૩
સંસાર કરતવ તે ન કરીએ. ૮૪

ખટ દરશન પૂજે નહીં પામે મોખ, ૮૫
વેદ શાસ્ત્ર કહે ન કરવો દુવેખ. ૮૬

હીંડતાં ચાલતાં ખાવું નાંહી, ૮૭
ચતુરાઇ ચોખાઇએ રહેવું ભાઇ. ૮૮

ઝેર ખાઇ ઝંપલાઇ જે જીવ મરશે, ૮૯
તે જીવ ઘોર અંધારે પડશે. ૯૦

જર જમીનની ઇચ્છા ન કરવી, ૯૧
સ્ત્રી આગળ ગુંજની વાત ન કરવી. ૯૨

અગનને પાણી ન છાંટવું જાણી, ૯૩
નીલો ઝાડ ન વાઢીએ પ્રાણી. ૯૪

પરભાતે ફૂલ ચૂંટે માહા છે પાપ, ૯૫
કેની એબ ન ઉઘાડવી આપ. ૯૬

અવાચક પરાણીની આળ ન કરીએ, ૯૭
ભોજન છાંડા ઉઠી ન પરહરીએ, ૯૮

સંતપંથી તે જે સતધરમ અનુસરિયા, ૯૯
રિખીસર પાળો તમે સોએ કિરિયા. ૧૦૦

સમાપ્ત.

AV-16

PP-PD